તા.૧/૮/૨૦૧૪ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૧૯૭૫/૧૪**

**અમદાવાદ શહેર વિસ્તારમાં જ્વેલર્સ ઉપર ફાયરીંગ કરી હત્યા કરી લુંટ કરનાર કુખ્યાત ગેંગના વોન્ટેડ સાગરીતોને મ.પ્ર. સબલગઢ ખાતેથી ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ**

છેલ્લા ઘણા સમયથી અમદાવાદ શહેર વિસ્તારમાં જ્વેલર્સને ટારગેટ કરી તેમના પર પિસ્ટલ, રીવૉલ્વર, દેશી તમંચા જેવા હથિયારોથી ફાયરીંગ કરી હત્યા કરી લુટ કરતી ગેંગને શોધી કાઢવા માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી શિવાનંદ ઝા સાહેબની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી એ.કે.શર્મા સાહેબ નાઓએ ક્રાઈમ બ્રાન્ચની અલગ અલગ ટીમો બનાવી આવા ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ. આ પ્રકાર ના ગુનાઓથી અમદાવાદ શહેર ના વેપારીઓમાં ભયની લાગણી પ્રસરી ગયેલ હતી.

ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી એ.કે.શર્મા સાહેબ નાઓએ ક્રાઈમ બ્રાન્ચની અલગ અલગ ટીમો મધ્યપ્રદેશ તથા ઉત્તરપ્રદેશ રાજ્યના ગ્વાલીયર, આગ્રા, ભીંડ, મુરેના, ધોલપુર જેવા જીલ્લાઓમાં મોકલી આપેલ. ટેક્નીકલ અને હ્યુમન સોર્સ થી માહિતી એકઠી કરવાના સતત પ્રયત્ન કરવામાં આવેલ.

દરમિયાન મધ્યપ્રદેશ રાજ્યના મુરેના જીલ્લા ખાતે ગયેલ ટીમના ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.આર.ટંડેલ તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી ડી.એસ.ગોહીલ નાઓને મળેલ મુરેનાના વિશાલ ઉર્ફે વિજય S/O રામેશ્વરપ્રસાદ ગોસ્વામી તથા મનિષ શ્રીનિવાસ ગોસ્વામીની ખુંખાર ગેંગની માહિતી આધારે આ ટીમ દ્વારા મુરેના જિલ્લામાં તપાસ કરતા આરોપીઓ નામે (૧) મનીષ શ્રીનિવાસ ગોસ્વામી રહે. સમાધ ગામ, જી- મુરેના, મધ્યપ્રદેશ (૨) ગૌરવસીંગ મોહનસીંગ તોમર રહે. બીરલાનગર, ગ્વાલીયર, મધ્યપ્રદેશ (૩) વિનયસિંહ ઉર્ફે વીની શ્રીરામ સ્વરૂપસિંહ પરમાર (ઠાકુર) રહે. હાલ બિરલાનગર, ગ્વાલીયર. મધ્યપ્રદેશ મુળ રહે. ગામ – ભરતપુર બસેડી, રાજસ્થાન (૪) વિષ્ણુ ઉર્ફે પંડીતજી રામજીલાલ શર્મા રહે. ગામ : ટુડીલા, તા-જોહરા, જી-મુરેના, મધ્યપ્રદેશ નાઓ મળી આવતા તેઓને પકડી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ખાતે લાવી તેઓની વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ હતી.

ઉપરોક્ત પકડાયેલ આરોપીઓની પુછપરછ દરમિયાન અન્ય સહ આરોપીઓની પણ સંડોવણી હોવાનુ ખુલવા પામેલ. જે આધારે સહ આરોપીઓની તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી, આર.બી. રાણા તથા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી બી.પી. રોજીયા નાઓની ટીમે ઉ.પ્ર. મુકામે તપાસ કરી આરોપીઓ (૧) અર્જુનસિંગ કિશનસિંગ જાદોન (ઠાકુર) ઉ.વ.-૨૮, રહે. મુખરાઈ, પોસ્ટ ગડસાણ, થાના સૈયા, જિ.આગ્રા, ઉ.પ્ર., (૨) ગોવિંદસિંગ રાજવિરસિંગ સીકરવાર ઉ.વ.-૨૫, રહે. ૧૧/એ, ક્ષત્રિય કોલોની, સમસાબાદ, જિ.આગ્રા, ઉ.પ્ર. નાઓને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ હતી.

ઉપરોક્ત પકડાયેલ આરોપીઓની તપાસ દરમિયાન વધુ આરોપીઓની પણ સંડોવણી હોવાનું ખુલવા પામેલ હોય, આરોપીઓ નામે (૧) નારાયણસિંગ ઉર્ફે સીમ્પી બાદશાહસિંગ જાદોન ઉ.વ.-૨૬, રહે. જિ.મુરેના, મ.પ્ર. (૨) બ્રિજભાન ઉર્ફે બલ્લુ ભવરસિંગ જાદોન ઉ.વ.-૨૬, રહે. મુરેના, મ.પ્ર., ની તપાસ

અર્થે ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓના માર્ગદર્શન હેઠળ, ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એસ.આર. ટંડેલ તથા પો.સ.ઈ. શ્રી પી.બી. દેસાઈ નાઓની ટીમે મ.પ્ર. રાજ્યના મુરેના જિલ્લાના સબલગઢ મુકામે જઈ આરોપીઓ અંગે તપાસ હાથ ધરી (૧) સીમ્પી બાદશાહસિંગ જાદોન રહે. બાલા કા તોરા, તા.સબલગઢ, જિ.મુરેના, મ.પ્ર. (૨) બલ્લુ ભવરસિંગ જાદોન રહે. ખેરલા, તા.સબલગઢ, જિ.મુરેના, મ.પ્ર. નાઓને તા.૩૧/૦૭/૨૦૧૪ ના વહેલી સવારના કલાક ૦૫/૩૦ વાગે બિહ્ડ વિસ્તારમાંથી બાલા કા તોરા ગામેથી ઝડપી પાડવામાં આવેલ છે. આ વિસ્તાર ચંબલ નદી કિનારે આવેલ લૂંટારૂઓનો ધાઢ જંગલ વિસ્તારમાં આવેલ છે. ત્યાં જવા-આવવા માટે પાકા રોડ કે રસ્તા નથી. ભૂતકાળમાં આ વિસ્તારમાં ખુંખાર ડાકુઓ રહેતા હતા.

આ ઝડપાયેલ બન્ને આરોપીઓ મુરેના જિલ્લાના સબલગઢ પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ

૧. ગુ.ર.નં.-૧૬૫/૨૦૦૯ ઇ.પી.કો. કલમ ૩૯૨ તથા મ.પ્ર. એમ.પી.ડી.પી. એક્ટ કલમ ૧૧, ૧૩ મુજબ,
૨. ગુ.ર.નં.-૨૨૧/૨૦૧૨ ઇ.પી.કો. કલમ ૩૦૭, ૨૯૪, ૫૦૬(બી), ૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબ,
૩. ગુ.ર.નં.-૩૭૩/૨૦૧૦ ઇ.પી.કો. કલમ ૨૯૪, ૩૨૩, ૩૪ તથા એસ.સી.એસ.ટી. એક્ટ કલમ ૩(૨)૫, મુજબ
૪. ગુ.ર.નં.-૨૪૪/૨૦૧૦ ઇ.પી.કો. કલમ ૩૨૭, ૨૯૪, ૩૨૩, ૫૦૬(બી), ૩૪ મુજબ,
૫. ગુ.ર.નં.-૧૩૨/૨૦૦૮ ઇ.પી.કો. કલમ ૩૯૪ તથા મ.પ્ર. એમ.પી.ડી.પી. એક્ટ કલમ ૧૧, ૧૩ મુજબના ગુન્હાઓમાં ભૂતકાળમાં પકડાયેલ હોવાનુ જણાઈ આવેલ છે. તેમજ ચાર જેટલા લૂંટના ગુન્હાઓ પણ સ્થાનીક વિસ્તારમાં આચરેલ હોવાનું તેઓની પુછપરછમાં જણાઈ આવેલ છે. સદર બન્ને આરોપીઓના પિતાશ્રીઓ પોતાના ગામના માજી સરપંચ હોવાનું પણ જણાઈ આવેલ છે.

ઉપરોક્ત બન્ને આરોપીઓની સંડોવણી ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.-૩/૨૦૧૩ ઇ.પી.કો. કલમ ૩૦૨, ૩૯૭, ૩૯૨, ૧૧૪ મુજબના ગુન્હામા હોવાનું ખુલવા પામેલ છે. આ ગુન્હો તા.૦૨/૦૧/૨૦૧૩ ના રાત્રિના સમયે બનવા પામેલ હતો. જે બનાવ સમયે પંકજભાઈ પ્રકાશભાઈ વાઘડીયા નાઓ પોતાની બાલકૃષ્ણ જ્વેલર્સ નામની દુકાન બંધ કરી ઘર તરફ જઈ રહેલ ત્યારે ભુયંગદેવ ચાર રસ્તા પાસે બે અજાણ્યા ઈસમોએ કાળા કલરના મોટર સાયકલ ઉપર આવી ફાયર કરી હત્યા કરી બે થી અઢી લાખની લુંટ કરી નાસી ગયેલા. આ બનાવમાં મનિષ ગોસ્વામી તથા વિશાલ ગોસ્વામીએ જગ્યાની રેકી કરીને રાખેલ હતી. અને કાંકરીયાથી ચોરેલ પલ્સર ૧૮૦ સીસી મો.સા. અને ૨૨૦ સીસી મો.સા એરીતેની બે મો.સા ઉપર ચાર જણા આવી ભોગબનનારને પોઈન્ટ બ્લેક રેન્જથી બે રાઉન્ડ ફાયર કરી તેની હત્યા કરી નાંખેલ અને બાદ દાગીના ભરેલ બેગ લુંટીને નાસવા જતા મો.સા. બંધ પડી ગયેલ. તે સમયે નજરે જોનાર પાર્થ પટેલ નામના ઈસમે ખુબ જ હીંમતપુર્વક સામનો કરતા તેની ઉપર પણ એક રાઉન્ડ ફાયર કરી મોટર સાયકલ ચાલુ કરી આરોપીઓ નાસી ગયેલ હતા.

ઉપર જણાવેલ પકડાયેલ આરોપીઓ (૧) સીમ્પી બાદશાહસિંગ જાદોન (૨) બલ્લુ ભવરસિંગ જાદોન ની પુછપરછ દરમિયાન આ આરોપીઓની સંડોવણી, સને ૨૦૧૩ના માર્ચ માસ દરમિયાન એક રોજ બપોરના સમયે બેંગલોરમાં રાજાજીનગરમાં આવેલ ઋષભ જ્વેલર્સમાં શ્રવણકુમાર પોંકરણા ઉપર છરી વડે હુમલો કરી હત્યા કરી બે થી ત્રણ કીલો જેટલા સોનાના દાગીના તથા ૧૫ કીલોગ્રામ ચાંદીની ની લુંટ કરવામાં આવેલ તે ગુન્હામાં હોવાનુ જણાઈ આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.